કૃપાકરી પ્રસિધ્ધી માટે ૩૧ ડિસેંબર ૨૦૦૮

## ખાનગી વન જમીન પરનાં રહેવાસીઓને સંરક્ષણ આપો– ભાજપની સર્વોચ્ચ ન્યાયાલયની ઉચ્ચાધિકાર સમિતી સમક્ષ માગણી

**મુંબઈ,બુધવાર:** "તથાકથિત ખાનગી વન જમીન પરની ઈમારતોના રહેવાસીઓને તેમજ ઝુંપડપટ્ટી વાસીઓને સંરક્ષણ આપો" એવી આગ્રહભરી માગણી માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે અને માજી સાંસદ શ્રી કીરીટ સોમૈયાએ સર્વોચ્ચ ન્યાયાલયે નિમણુક કરેલ ઉચ્ચાધિકાર સમિતી પાસે કરેલ છે.ઉકત સમિતી મુંબઈ ખાતે નિરીક્ષણ કરવા આવી હોઈ સમિતીનાં અધ્યક્ષ શ્રી પી.વી.જયકૃષ્ણન ાને સદસ્ય શ્રી મહાદેવ વ્યાસ અને શ્રી એસ.કે.ચઢ્ઢાએ આરે વસાહતમાંની ન્યુઝીલૅંડ હોસ્ટેલમાં ખાનગી વન જમીન સબંધેના નિર્ણયને કારણે પ્રભાવિત થયેલા લોકોની વાત સાંભળી હતી.

આ સંદર્ભે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે,"મહારાષ્ટ્ર શાસન ના ખાનગી વન જમીન સંબંધેના પ્રકરણથી મુંબઈ,થાણા વિસ્તારનાં લાખો નાગરિકો રહેતા પાક્કાં મકાનો અને ઝુંપડપટ્ટીઓ મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના નિર્ણયને કારણે ગેરકાયદેસર ઠર્યાં છે.તેનાં વિરોધમાં ભારતીય જનતા પક્ષ તેમજ અન્ય બિલ્ડરો,જમીન માલિકો,કારખાનેદારો વગેરેએ સર્વોચ્ચ ન્યાયાલયમાં અપીલ દાખલ કરેલ છે.તે અપીલ ની સુનાવણી ચાલૂ હોવાને કારણે પ્રત્યક્ષ વસ્તુસ્થિતી તપાસીને સર્વોચ્ચ ન્યાયાલયને અહેવાલ આપવા માટે ઉચ્ચાધિકાર સમિતીની નીમણુક કરવામાં આવી.તે સમિતીએ ૩૦ ડિસેંબરનાં મુંબઈ-થાણા ખાતેનાં અમુક સ્થળે રૂબરૂ મુલાકાત લીધી અને ન્યુઝીલૅંડ હોસ્ટેલમાં સર્વેની વાત સાંભળી.મુંબઈ-થાણા વિસ્તારના તથાકથિત વન જમીન પર ના પાક્કા મકાનો ની સાથે-સાથે જ અનેક ઝુંપડપટ્ટીઓ પણ વસેલી છે.તે વસાહતોને મહારાષ્ટ્ર શાસને ગલીચ્છ વસ્તી(સ્લમ) તરીકે કાયદેસર માન્યતા આપેલ છે,એટલુંજ નહીં પણ તેમને કેંદ્ર અને રાજય સરકાર તેમજ મહાપાલિકાનાં ફંડમાંથી પીવાનું પાણી, ગટર,પાક્કી પાયવાટ,વીજળી,શાળા વગેરે નાગરી સગવડો પણ આપવામાં આવેલ છે.ગલિચ્છ વસ્તી જાહેર કરવાનો અધિકાર રાજય સરકારનો જ છે.એવું હોવાથી હવે તેમને હટાવો તેવું કહેવું સામાજીક ન્યાયની વાત નહીં કહેવાય.એમ અમે ભારતીય જનતા પક્ષ વતી ઉચ્ચાધિકાર સમિતીને કહ્યું.અમારો આ મુદ્દો દખલપાત્ર હોઈ તે સંદર્ભે વધુ માહિતી સાત દિવસની અંદર પાઠવવી એમ સમિતીનાં અધ્યક્ષે કહ્યું છે."

"નિવાસસ્થાનોની સાથે-સાથે કેંદ્ર સરકારનો અણુશકતી વિભાગ, કામગાર વિમા રૂગ્ણાલય, મહાપાલિકા શાક માર્કેટ,શાળા,અગ્નિશમનકેંદ્ર વગેરે સંસ્થાનો તથાકથિત ખાનગી વનજમીન પરજ છે.તેમજ ૫૦ વર્ષથીયે વધુ લાંબા ગાળાથી ચાલતાં મુંબઈના અમુક ઔદ્યોગિક કારખાનઓ આ જમીન પર છે.તેને કારણે આ બધાંજ બાંધકામોનો સામુહિકપણે સઘળાં પાસાઓથી વિચાર કરી તેમને સંરક્ષણ આપવાની સિફારશ ઉચ્ચાધિકાર સમિતીએ સર્વોચ્ચ ન્યાયાલયને કરવી."એ મુજબની માગણી પણ આ બાબતે પોતાનાં વિચારો વ્યકત કરતી વેળાં માજી સાંસદ ડૉ.કિરીટ સોમૈયાએ કરેલ છે.

ઉચ્ચાધિકાર સમિતી સમક્ષ અમુક બાંધકામ વેપારીઓ,સહકારી ગૃહનિમાર્ણ સાંસ્થા તેમજ ઔદ્યોગિક કારખાનેદારોએ પોતાની વાત રજૂ કરી.બેઠકનો સમારોપ કરતાં અધ્યક્ષ શ્રી પી.વી.જયકૃષ્ણને સમિતી સર્વ સુચનોનો વિચાર કરી સર્વોચ્ચ ન્યાયાલયને અહેવાલ સાદર કરશે એવું કહી હજૂ પણ જેમને આ પ્રકરણે સૂચનાઓ કરવી હોય તેમણે પોતાના નિવેદનો મેંબર સેક્રેટરી,સેંટ્રલ એમ્પૉવરમેંટ કમિટી,ચાણકય ભવન,બીજા માળે,ચાણકયપુરી,નવી દિલ્લી-૧૧૦૦૦૧ આ સરનામે પાઠવવી એવું આવાહ્‌ન પણ કર્યું છે.

**(કાર્યાલય સચિવ)**